


# પ્રકરણ ૩
# નંદુ સાથે એક દિવસ

J3R6E1

નંદુ હાથીનું બચ્ચું છે. તે સૂતું હતું. અચાનક તે જાગ્યું. ખબર જ ન પડી તે ક્યાં છે ? તેને લાગ્યું એ મોટાં મોટાં જાડાં જાડાં વૃક્ષોના થડથી ઘેરાયું છે. એ તો મૂંઝાયું. અરે ! મા ત્યાં હતી. એને જે થડ લાગતાં હતાં, એ હાથીઓના પગ અને સૂંઢ હતા.



નંદુના નાની હાથીના ટોળા (herd-હર્ડ)માં સૌથી ઘરડાં હતાં. બપોર થઈ એમણે ચિંઘાડ (trumpet-ટ્રમ્પેટ) નાખી અને જંગલમાં જવાનું ચાલુ કર્યું. બીજી હાથણીઓ એમની પાછળ ચાલી. નંદુ પણ સાથે ચાલ્યો.

**શિક્ષક માટે :** માતાની માતાને 'નાની' કહેવાય છે. બાળકોને પૂછો તેઓ તેમની માતાની માતાને શું કહે છે ?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



ટોળું જંગલમાં ગયું. બધી હાથણીઓ જુદી જુદી જગ્યાએ ગઈ. જુદાં-જુદાં ઝાડનાં પાન અને ડાળીઓ ખાવા લાગી. પછી બધાં નદીએ ગયાં. બચ્ચાંને તો પાણીમાં મજા આવી ગઈ. નંદુની મા પાણી અને કાદવમાં પડી રહી.



શું તમે જાણો છો કે એક પુખ્ત હાથી એક દિવસમાં ૧૦૦ કિગ્રા કરતાં પણ વધુ પર્ણો, ડાળીઓ વગેરે ખાઈ શકે છે ? હાથીઓ બહુ આરામ કરતા નથી. તેઓ દિવસમાં ફક્ત બે થી ચાર કલાક જ સૂએ છે. હાથીઓને કાદવ અને પાણીમાં રમવું ખૂબ ગમે છે. કાદવ તેમની ચામડીને ઠંડક આપે છે. તેમના મોટા કાન પંખા જેવું કામ કરે છે. હાથીઓ શરીરને ઠંડું રાખવા કાન હલાવે છે.



## શોધી કાઢો :

- નંદુ ફક્ત ત્રણ મહિનાનો જ છે, પરંતુ તેનું વજન ૨૦૦ કિગ્રા છે. તમારું વજન કેટલું છે ?

- તમારા જેવાં કેટલાં બાળકોનું વજન ભેગું કરીએ, તો નંદુના વજન જેટલું થશે ? શોધો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## રમત અને મજા

નંદુએ તેના ભાઈઓ અને બહેનોને એકબીજાની પૂંછડીઓ ખેંચતાં જોયાં. તેણે વિચાર્યું, ''સારું રહેશે કે હું તેમની નજીક ના જાઉં. જો તેઓ મારી પર પડે તો શું થાય ? હું હજુ નાનો છું.'' તે શાંતિથી તેની માતા પાસે ગયો અને ઊભો રહ્યો.

માએ નંદુને ધીમેથી પાણી તરફ ધકેલ્યો. જાણે કે તે કહેતી હોય કે પાણીમાં રમવા જા. નંદુને પાણીમાં રમવું ખૂબ જ ગમે છે. તેના પિતરાઈ ભાઈઓ પહેલેથી ત્યાં જ હતા. હજુ એ ત્યાં પહોંચ્યો, એક સખત પાણીનો ફુવારો તેના માથે પડ્યો. તે ભીનો થઈ ગયો. અરે ! તે તેના ધમાલિયા પિતરાઈઓનું કામ હતું. નંદુ પણ તેમની સાથે રમતમાં જોડાયો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



સૂર્યાસ્ત (sunset-સનસેટ) પછી, ટોળું રહેઠાણ તરફ જવા લાગ્યું. ત્યાં પહોંચતા સુધીમાં નંદુ ખૂબ જ થાકી ગયો હતો. તે તેની માતાના આગળના પગ વચ્ચે ગોઠવાઈ ગયો અને તે તેનું દૂધ પીતાં પીતાં સૂઈ ગયો.

તમે નંદુ અને હાથીના ટોળા વિશે વાંચ્યું. સામાન્ય રીતે હાથીના ટોળામાં દસ-બાર હાથણીઓ અને બચ્ચાં હોય છે. સૌથી ઘરડી હાથણી ટોળાની પ્રમુખ હોય છે. હાથી જ્યાં સુધી ચૌદ-પંદર વર્ષના ન થાય ત્યાં સુધી ટોળામાં રહે છે, પછી તે ટોળું છોડી દે છે અને એકલા ફરે છે. નંદુ પણ એટલો મોટો થશે એટલે ટોળું છોડી દેશે.

D5C4D6

હાથીઓની જેમ, બીજાં ઘણાં પ્રાણીઓ પણ જૂથમાં સાથે રહે છે. આ પ્રાણીઓના સમૂહને ટોળું કહે છે. ટોળામાં રહેતાં પ્રાણીઓ ખોરાકની શોધમાં સાથે જ ફરે છે.

- જો તમે નંદુ હો અને તમે ટોળામાં રહેતા હો, તો તમે શું કરશો ?

- હાથીના ટોળામાં સૌથી ઘરડી હાથણી બધું નક્કી કરે છે. તમારા કુટુંબમાં નિર્ણયો કોણ લે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- નંદુ તેને ગમતું જ કરે છે. જો તમે આખો દિવસ તમારા મિત્રો સાથે વિતાવો તો તમે શું કરશો ?

- બીજાં કયાં પ્રાણીઓ ટોળામાં રહે છે ? શોધી કાઢો અને લખો.

- શું તમે પણ જૂથમાં રહો છો ? શું તમને બધાની સાથે જૂથમાં રહેવું પસંદ છે ? તમને કેમ જૂથમાં રહેવું પસંદ અથવા નાપસંદ છે ? તેનાં કારણો નીચે લખો.

**મને કેમ પસંદ છે** | **મને કેમ નાપસંદ છે**





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



- તમે કયાં પ્રાણીઓની સવારી કરી છે ? તેમનાં નામ લખો.

- જો તમને હાથી પર બેસાડવામાં આવે, તો તમને કેવું લાગે ?


- તમે તમારી આસપાસ ઘણાં પ્રાણીઓ જોયાં જ હશે. પુસ્તકોમાં, ટેલિવિઝનમાં એકલાં કે જૂથમાં જોયાં હશે. તેમાંનાં કોઈ પણ પ્રાણી વિશે વધુ જાણી લાવો અને તેના વિશે લખો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને લખો :



બગલો ભેંસ ઉપર શા માટે બેઠો છે ?

H8U7P6

- તમે કોઈ પ્રાણીને બીજા પ્રાણી પર સવારી કરતું જોયું છે ? તેનું નામ લખો.
  - પ્રાણી – જે સવારી કરે છે.
  - પ્રાણી – જે સવારી કરાવે છે.
- કયાં પ્રાણીઓનો આપણે સવારી માટે ઉપયોગ કરીએ છીએ ?
- ભાર ખેંચવા (carrying loads-કેરીંગ લોડ્સ) અને વજન ઊંચકવા (lifting weights -લિફ્ટીંગ વેઈટ્સ) કયાં પ્રાણીઓનો ઉપયોગ થાય છે ?

## તમારો પોતાનો હાથી બનાવો :

- પાછળના પૃષ્ઠ પર આપેલા હાથીના ચિત્રની નકલ મોટી સાઈઝના જાડા કાગળ પર કરો.
  - ચિત્રમાં જ્યાં ‘કાપવાનું’ (✂) કહ્યું છે, ત્યાં કાપા બનાવો. આખો ભાગ ન કપાઈ જાય તેની સાવધાની રાખો.
  - બિંદુઓવાળી રેખાઓથી તેને વાળો.
  - [ / / / / / ] ભાતવાળો ભાગ વાળો અને તેને અંદર નીચેની તરફ ધકેલો.
  - પૂંછડી કાપો અને તેના ઉપર લગાવો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તમારો હાથી તૈયાર છે.

- તેને રંગ કરો અને શણગારો.
- બનાવેલા કાગળના હાથીઓનું વર્ગમાં પ્રદર્શન (exhibition-એક્ઝિબિશન) ગોઠવો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in